# પોંખણાં....

## પોંખણું (૧)

આનંદ મંગલ ગાવો, પ્રભુ પોંખી. લઈશું લ્હાવો, મારી બેનો, અવસર આવો નહિ મળે... (૧)
સુંદર ઘાટડી લાવો, સાથે મોડીયો મંગાવો, મારી બેનો, અવસર આવો નહિ મળે... (૨)
પોંખીશ હું હરખે હરખે, લળી લળીને મુખડું નિરખે, મારી બેનો, અવસર આવો નહિ મળે....(૩)
પોંખીને લઈએ લ્હાવો, સહુ મંગળ ગીતો ગાવો, મારી બોનો, અવસર આવો નહિ મળે... (૪)



## પોંખણું (૨)

આવે આવે સહીયરોનો સાથ જિણંદજીને પોંખવા રે, ગાવે ગાવે સોહાગણનાર જિણંદજીને પોંખવા રે (૧)
જળયાત્રા અભિષેકમાં રે, વળી સામૈયામાં સાર, જિણંદજીને પોંખવા રે.... (૨)
બિંબ પ્રવેશ વિધિ મહોત્સવેરે પોંખી લેજો ભવપાર, જિણંદજીને પોંખવા રે... (૩)
બારણે તોરણ બાંધિયા રે રાખો પ્રભુજીને દ્વાર, જિણંદજીને પોંખવા રે... (૪)
વિધિ વિનયે પ્રભુ પોંખશે રે તેનો બેડો પાર, જિણંદજીને પોંખવા રે... (૫)
શિવસુખ સહેજે પામશે રે વિજય સદા સુખકાર, જિણંદજીને પોંખવા રે... (૬)

## પોંખણું (૩)

ઊઠ ઊઠ વેવાણ તું ઉંઘ તજી, તારે આંગણે આવ્યા જગતપતિ,

ઝટ ઊઠને વેવાણ વેલી રે, તું શીદને બની છે ઘેલી રે (૧)
તારે આંગણે આવ્યા જગતપતિ, તેની હજીયે તુજને ખબર નથી,
તારે આંગણે આવ્યા વેપારી, લાવ પોપ ભરીને સોપારી (૨)
આવ્યો છે ત્રણ જગતપતિ, તને પોંખવાની છે હોંશ ઘણી,
ઝટ ઊઠ તું લાવ કંકાવટી, આવી ઊભો આંગણ નાણાવટી (૩)
તારા ઘરમાં નથી કોઈ પાથરણું, આવ્યું સાજન મોટા ઘરનું ઘણું (૪)
લાવ પુંખણા પોંખવા સોનેરી, તું પાથર ચાદર રૂપેરી,
ઘુંસર મૂશલ ને સાંબેલું, ત્રાક રવૈયોને સંપુટ પેલું. (૫)
એ ગુણ નિધિ ભંડાર ભલો, ઉપકારી જગતમાં એક ખરો,
તું હસતી જા ને પોંખતી જા સાથે સુંદર ગીતો ગાતી જા (૬)
કાંઈ વાર કરો વિચાર કરો, ઊઠો ઊઠોને ઝટ સન્માન કરો,
એમ પોંખણે પોંખે જગતપતિ, વિજય પામે તે ઉચ્ચગતિ (૭)

## પોંખણું (૪)

મેં તો થાળ ભર્યો રે સગ મોતીડે, હું તો પ્રભુજીને પોંખવા જઈશ, મારે સોના સરીખો સૂરજ ઉગીયો...૧
જીરે ઈંડીપીંડી ઘુંસરૂ મુશળ, જી રે રવૈયો ત્રાક કહાય, મારે સોના સરીખો સૂરજ ઉગીયો...૨
ગોરી પોંખવા ઉભી મુખ્ય બારણે, એ તો સોલ સજી શણગાર, મારે સોના સરીખો સૂરજ ઉગીયો...૩

હરખે હરખે પ્રભુજીને પોંખતી, એને હઈડે હરખ અપાર, મારે સોના સરીખો સૂરજ ઉગીયો...૪
ભાવ ધરીને જે જન પોંખશે, 'વિજય' પામશે ભવનોપાર, મારે સોના સરીખો સૂરજ ઉગીયો...૫

## પોંખણું (૫)

જીરે ઇંદ્રાણી પૂછે વેવાણોને રે, જીરે શી કરી કરણી તુમે સોય, પ્રભુને કેમ પોંખીયા રે... (૧)
જીરે ઇંડીપીંડી ધુંશરૂ મુસળ રે, જીરે રવૈયાને ત્રાક સોહાય, પ્રભુને કેમ પોંખીયા રે... (૨)
જીરે પહેલું તે ધુંસરૂ આદર્યું રે ધુસરૂં ગાડલે હોય, પ્રભુને કેમ પોંખીયા રે... (૩)
સંસારે ધોંસરૂં નાંખીયું રે, તેથી પાર પામે સોય, પ્રભુને કેમ પોંખીયા રે... (૪)
જે જન પ્રભુજીને પોંખશે રે, પામશે શીવસુખ સોય, પ્રભુને કેમ પોંખીયા રે... (૫)

## પોખણું ૬

ઉગ્યો ઉગ્યોરે સુરજ આજ સોનાનો મારે આંગણે સુરતરૂ ફળિયા રે. ઊગ્યો...
મારા મનના મનોરથ સર્વ ફળ્યા, મન મોહન આજ મને મલીયા રે. ઊગ્યો...૧
હું તો વાટ જોતી ઉભી બારણે મેં તો ચોક પૂર્યા મારે આંગણે રે. ઊગ્યો...૨
પોંખણે પ્રભુજીને પોંખવા, ઉભી મોડ હું માથે મુકીને રે. ઊગ્યો...૩
હસતી જાઉંને પ્રભુ પોંખતી જાઉં પ્રભુજીનાં ઓવારણાં લેતી જાઉ. ઊગ્યો...૪
આનંદ મગંળ 'વિજય' વર્યા, મારા ભવભવના ફેરા રે ટળ્યા રે. ઊગ્યો...૫

## પોખમું ૭મું

આજ મારે આંગણે પ્રભુજી પધાર્યા મોતીના મેહુલા વરસ્યારે,
થાળ ભરી ભરી મોતીડે વધાવ્યા, હઈડાં સૌનાં હરખ્યા રે...૧
માથે મુકી મોડીઓને ખભે મુકી ઘાટડી, પ્રભુજીને પોંખવા કાજે રે
પ્રભુજીને પોંખતા મનડું મલકે, આનંદ મંગળ આજે રે...૨
આવો સખીઓ ગીતડાં ગાવો, હરખે પ્રભુને વધાવોરે,
પ્રભુજીને પોંખવાનો અમુલ્ય અવસર, ફરી ફરી નહીં મલે આવો રે...૩
ધન્ય દિવસને ધન્ય ઘડી આજે દર્શન પ્રભુજીનાં પામીરે...
જનમ મરણના ફેરા ટાળીને, બેનો વિજય શિવધામીરે....૪

- ત્યારબાદ એક ફેમિલિ નૂતન બિંબોને મોતીથી વધાવે. એક ફેમિલી ફૂલડે વધાવે. એક ફેમિલી અખંડ ચોખાથી વધાવે...
- ત્યારબાદ પ્રવેશ કરાવનાર પુણ્યશાળીઓએ બે હાથ જોડી આંખો બંધ કરી ઉભા રહેવું. અને ગુરૂ ભગવંત જે પ્રાર્થના બોલાવે તે બધાંએ ખૂબ ઉલ્લાસથી સામુદાયિક રીતે બોલવી.

**પ્રાર્થના**

હે ત્રણ લોકના નાથ ! પરમકૃપાળુ – દેવાધિદેવ પરમાત્મા શ્રી........... ભગવંત...........ભગવંત (જે જે ભગવાન હોય તે સર્વનાં નામ લેવાં) આપ અમારા સંઘના નૂતન નિર્મિત જિનમંદિરમાં પધારો...